
૪

૪

# પીપ પીપ પીપ પીપ પમ પમ



પ ડ ત ણ ઇ ઈ િ ી

મીના અને તેનો ભાઈ મેળામાં ફરી આવ્યાં.
ભાઈ મેળામાંથી પિપૂડી લાવ્યો.
પિપૂડી વાગે પમ પમ.
મીના પિપૂડીના પમ પમ સાથે છમ છમ નાચવા લાગી.

એટલામાં ત્યાં દાદીમા આવી ચડ્યાં. મીનાને નાચતી જોઈ કહે : ‘અરે આવું નાચમનાચ કરે છે. ભણવા બેસ. કંઈ વાંચ, કંઈ લખ.

પીપ પીપ પીપ પીપ પમ પમ.
કરે મીના છમ છમ.
છમ છમ ના કર,
દાદી જણાવે : મીના ભણ.




મીના કહે : અરે પણ આ તડતડ અવાજ શેનો આવે છે ?

ભાઈ કહે : અરે મીનાબેન, એ તો આપણી છત પર કાબરો ચાલતી લાગે છે.

ચાલ, હમણાં જ એમને ઉડાડી દઉં.

તડાક તડ તડ અવાજ આવે,
છતના પતરે કાબર આવે...



દાદીમા એને રોકતાં કહે છે.

અરે ! કાબરને ઉડાડતો નહીં.

આવા તડકામાં એ જશે ક્યાં ?

લે, એમને આ ચણ નાખ.

ભાઈ કાબરોને ચણ નાંખે છે.

આવ આવ, કાબર આવ.



| | | | | | |
|---|---|---|---|---|---|
| કણ | પડ | તર | કાપ | વાત | વાવ |
| રણ | રડ | દર | માપ | સાત | આવ |
| ગણ | અડ | ડર | આપ | રાત | દાવ |
| વણ | તડ | વર | છાપ | નાત | તાવ |
| ચણ | વડ | નર | સાપ | જાત | નાવ |

| | | | | |
|---|---|---|---|---|
| પાકી | કાણી | વાડી | વિમાન | બાજરી |
| વાપી | વાણી | પાડી | વિકાસ | છાબડી |
| છાપી | રાણી | સાડી | કિસાન | કાકડી |
| તાપી | પાણી | નાડી | રિવાજ | નાવડી |
| આપી | છાણી | તાડી | | |

આ નદી છે.
નદીમાં પાણી છે.
નદી અમને ગમે છે.

આ રેતી છે.
રેતીમાં અમે રમીએ છીએ.
રેતી અમને ગમે છે.

| | | |
|---|---|---|
| પીપ | દાદી | કાબર |
| નાચે | જણાવે | છત |
| મીના | અવાજ | ચણ |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૫

૫


# વૈદજીની દવા



લ ટ ચ ખ ૈ ઐ

છબીલ છબ છબ કરે,
નરેન છબ છબ કરે,
છાલક છાલક રમે.

નાક લાલ લાલ છે.
છબીલ બીમાર છે.
જેમ તાવ ચડે,
તેમ છબીલ રડે.



બાપા એ પણ જાણે,
પીડા ચડે આ ટાણે.
બાપા વહેલા ચાલે,
વૈદજીને તેડી લાવે.

વૈદજી નાડી પકડે,
છબીલના લલાટે અડકે.
બીમારીનો ઈલાજ આ,
લે મારી દવા ખા.



બારણે ચકલી આવે છે.
કૈવલને ચકલી ગમે છે.
ચકલી આવ, દાણા ચણ.
ચકલી દાણા ચણે છે.

ખેતરમાં કાબર આવે છે.
કૈલાસને કાબર ગમે છે.
કાબર આવ, દાણા ચણ.
કાબર દાણા ચણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ટાલ | વાટ | ચાર | ચીજ | વૈરાગ |
| છાલ | પાટ | ચાસ | ચીસ | વૈતાલ |
| વાલ | ચાટ | ચાલ | વૈદ | જૈવિક |
| ગાલ | રાખ | ખાટલી | પૈસા | દૈનિક |
| લાલ | ખાખ | માટલી | જૈન | સૈનિક |

| | | |
|---|---|---|
| ખા | ઈલાજ | ચડે |
| છબ-છબ | બીમારી | ટાણે |
| છાલક | દવા | વૈદ |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે